# ઋણ સ્વીકાર

સૌ પ્રથમ આભાર હું મારા માતા-પિતાનો માનું છું કે જેમણે મને આંગળી પકડીને શાળાએ મોકલ્યો હતો. ખાસ તો આ મહાશોધનિબંધ જેમના કારણે પૂર્ણ થયો એવા બહું જ કર્મશીલ મારાં માર્ગદર્શકશ્રી પ્રો. ભરતભાઈ મહેતા સાહેબનો ખુબ આભાર માનું છું. કે જેઓ અનેક કામોમાં વ્યસ્ત રહેતા હોવા છતાં તેમણે મને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું છે તેમને મારાં કોટિ કોટિ વંદન. ગુજરાતી વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રો. દીપકભાઈ રાવલ સાહેબનો તેમજ અત્યારે અધ્યક્ષ તરીકે કાર્યરત એવા પ્રો. પુંડલિકભાઈ પવાર સાહેબનો પણ ખુબ આભાર વ્યક્ત કરું છું. ઉપરાંત જેમના કારણે મને પીએચ.ડી.માં પ્રવેશ મળ્યો હતો તેવા પ્રો. ખંડુભાઈ સાહેબનો પણ ખુબ આભાર. વળી પીએચ.ડી.ના કામમાં મને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે માર્ગદર્શન પૂરું પાડનાર એવા પ્રો. રાજેશભાઈ પંડ્યા, પ્રો. નિતાબેન ભગત, ડૉ. ભરતભાઈ પંડ્યા, ડૉ. દર્શીનીબેન દાદાવાલા, અને શખીલભાઈ કાદરી સાહેબ વળી જેમનાં પ્રતાપે મારી સાહિત્યિક રુચિનું ઘડતર થયું તેવા પ્રો. શશિકાન્ત કાવર સાહેબનો પણ આ ક્ષણે હું આભાર માનું છું.

ગુજરાતી વિભાગમાં સંશોધનનો અભ્યાસ કરતાં એવા મારાં સાથી મિત્રોમાં રાજેન્દ્ર પરમાર અને યોગેશભાઈ પટેલનો ખાસ આભાર માનું છું. હું નવો જ એમ.એસ. યુનિવર્સિટીમાં ગયો હતો ત્યારે આ બંને મિત્રોએ મને સતત પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડતા રહ્યા છે અને અનેક રીતે મદદરૂપ બન્યા છે. તેમના વગર કદાચ હું આ કાર્ય પૂરું પણ કરી શક્યો હોત કે નહીં એ પ્રશ્ન બની રહેતો. ઉપરાંત દેવરાજભાઈ વાગેલા, જિગ્નેશભાઈ ગામિત, સુંદરભાઈ ગામિત, માલસિંગભાઈ રાઠવા, યાકુબભાઈ શેખ, દિલીપભાઈ ધોરિયા, સંતોષભાઈ ભાલિયા, પ્રકાશભાઈ પરમાર, રાઘવભાઈ ભરવાડ, રાજેન્દ્રભાઈ બામણીયા, હેમંતભાઈ પરમાર, ગિરીશભાઈ મકવાણા, બરખાબેન વાલવી, માનશીબેન જસવાલ અને મનાલીબેન જોશી વગેરે મિત્રોનો આભાર.

પ્રાથમિક શાળામાં મને લખતા વાચતા શીખવનાર પગી જશવંત અને હરીજન અરંવિદનો પણ હું આભાર માનું છું. ધોરણ બારમાં જ્યારે પી.ટી.સી.માં પ્રવેશ માટે થોડા ટકા માટે રહી ગયો હતો ત્યારે હું બહું નિરાશ થઈ ગયો હતો. આ અરસામાં મારાં મોટા ભાઈ રમેશ અને મારો મિત્ર કે જેનું કેન્સરના કારણે મૃત્યુ થયું હતું તે પિન્કો. આ બંનેએ મારી જાણ બહાર શ્રી ટી.એસ. આર્ટ્સ કૉલેજ, કોઠબા બી.એ.માં મુખ્ય વિષય ગુજરાતી લઈને મારું એડમિશન કરાવી આવ્યા હતા તેમનો આ સમયે હું આભાર માનું છું. મારો સૌથી નાનો ભાઈ લલિત પરમાર કે જેણે મારું પીએચ.ડી.માં શૈક્ષણિક પ્રોદ્યોગિકીનું દરેક કામ કરી આપ્યું હતું તેનો ખુબ આભાર. વળી પીએચ.ડી. કામ કેટલે આવ્યું એવું સતત પૂછનાર અરવિંદભાઈ વર્મા, મહેશભાઈ (મોન્ટુ)અને ભરતભાઈનો પણ આભાર માનું છું. આ કોરોનાના કપરાકાળમાં પણ મારાં માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જવાનું જોખમ ખેડનાર એવા ડૉ. પ્રાચી નાઇકનું સહેજ સ્મરણ થઈ આવે છે.

મારાં સશોધનંમાં મદદરૂપ બનનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો પણ આભાર માનવો જોઈએ. જ્યારે જ્યારે મેં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની મુલાકાત લીધી છે ત્યારે વિશ્વકોશ ટ્રસ્ટમાં કાર્યરત દરેક વ્યક્તિઓનો મને સાથ સહકાર મળતો રહ્યો છે. આ ક્ષણે ખાસ તો કુમારપાળ દેસાઈ અને પ્રીતિબેન શાહનો આભાર માનું છું કે જેમણે મને ધીરુભાઈ ઠાકર ઉપર કોઈપણ નવું પુસ્તક પ્રકાશિત થયું હોય ત્યારે તરત જ આપી દીધું છે.

સંશોધક

કનુ પરમાર